# માહાતા શૈસાની પ્રામાણિક્તા

– સુરેખા અમૃત ચૌધરી

માહાતા શૈસાનો જન્મ સિલોનમાં થયો હતો. સિલોનનું પ્રાચીન નામ સિંહલદ્વીપ છે. એને લંકા પણ કહેવામાં આવે છે. માહાતા શૈસા એક આદર્શ પુરુષ થઈ ગયા છે. એમનું બચપણ અત્યંત ગરીબાઈમાં પસાર થયું હતું. એમના પિતા દિવાકર શૈસા વધુ ભણેલા ન હતા. જંગલની જડીબુટ્ટીઓ વેચીને તેઓ પોતાના કુટુંબનું પોષણ કરતા હતા. પોતાના પુત્ર માહાતા શૈસાને તેમણે થોડુંઘણું શિક્ષણ આપ્યું હતું અને વૈદું પણ શિખવાડયું હતું.

જે વખતે દિવાકર શૈસાનું મરણ થયું, ત્યારે સિલોનમાં દુકાળ પડયો હતો. માહાતા શૈસાની ઉંમર તે વખતે ફક્ત અઢાર વર્ષની હતી. કુટુંબના ભરણ–પોષણની જવાબદારીનો ભાર તેમને માથે પડયો. એક તો તેઓ છોકરામાં ખપે અને વળી તેમના ગામમાં બીજા પણ કેટલાય સારા વૈદ્યો હતા. તે વૈદ્યો માહાતા પર ખાર રાખતા હતા અને દરદીઓને ભડકાવતા કે ‘માહાતા ને વૈદકનું કાંઈ જ જ્ઞાન નથી, તેને કાંઈ આવડત પણ નથી. તે તો દરદીઓનો મંદવાડ વધારી મૂકે છે.’

આ બધાં કારણોને લીધે માહાતાને વૈદાના ધંધામાંથી થતી ચારઆઠ આનાની કમાણી પણ બંધ થઈ ગઈ. તેમને તથા તેમના કુટુંબનાં માણસોને કેટલીકવાર તો ફક્ત પાણી પીને જ ચલાવી લેવું પડતું હતું. તેમની મા લોકોનું દળણું – ખાંડણું કરતાં અને બહેન ફૂલોની માળા બનાવી વેચતી. આમ આ કુટુંબ ઘણા કષ્ટમાં પોતાના દિવસો ગુજારતું હતું. અચાનક એક દિવસ સિંહલદ્વીપના એક પ્રખ્યાત શ્રીમંતનો એક પત્ર માહાતાને મળ્યો. તે શ્રીમંતનું નામ લૉરેટો બૅન્જામિન હતું. માહાતાના પિતા લૉરેટોના કુટુંબના ઘરવૈદ હતા. લૉરેટો માંદો પડયો હતો. તેણે માહાતાને પોતાની દવા કરવા બોલાવ્યો હતો. પત્ર મળતાં માહાતા લૉરેટોને ગામ ગયા અને તેમની દવા કરવા માટે ત્યાં જ રોકાઈ ગયા.

લૉરેટોનો એક મોટો બગીચો હતો. એક વખત ત્યાં સુંદર ઉદ્યાન હશે એમ લાગતું હતું. પણ અત્યારે તો તે સમયના ઉદ્યાન વચ્ચે આવેલાં ભવ્ય ભવનોના પ્રાચીન અવશેષરૂપે ખંડિયેરો જ જણાતાં

હતાં. બગીચામાં વગડાઉ ઘાસ અને જંગલી ઝાંખરાં ઊગી નીકળ્યાં હતાં. તેમાં કોઈનો અવરજવર નહોતો. માહાતા જડીબુટ્ટીઓ શોધવા માટે ઘણું કરીને તે બગીચામાં જતા.



એક દિવસ માહાતા જડીબુટ્ટીઓ શોધતા તે બગીચામાં ફરતા હતા.ખંડિયેર આગળ ફરતાં તેમનો પગ એક સ્થળે જમીનમાં ઘૂસી ગયો. ત્યાં આગળ તેમણે ધ્યાનથી જોયું, તો એક તાંબાનો ચરુ જમીનમાં દટાયેલો જણાયો. માહાતાએ તે જગ્યાની આજુબાજુની માટી ખસેડી નાખી તો તેમને જણાયું કે ત્યાં કેટલાય બીજા ચરુઓ પણ દટાયેલા હતા. ઘણી મહેનત કરી ત્યારે તેમનાથી એક ચરુ પરનું ઢાંકણું ખસેડી શકાયું. તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. ચરુ સોનામહોરોથી પૂરેપૂરો ભરેલો હતો.

માહાતા અત્યંત કંગાળ હતા. ગરીબાઈને લીધે તેમને અને તેમના ઘરનાં માણસોને વારંવાર ઉપવાસ કરવા પડતા હતા. સોનામહોરોથી ભરેલા આટલા બધા ચરુ તેમની નજર આગળ હતા, તેમજ તે વેરાન બગીચામાં તેમનો કોઈ જોનાર પણ ન હતું, પણ માહાતાને તેનો જરાય લોભ થયો નહિ.

તેઓ બોલ્યા : ‘બાપડો લૉરેટો ધનની ચિંતાને કારણે જ માંદો છે, તેને માથે દેવું થઈ ગયું છે. પણ આ ધન મળવાથી હવે તે સાજો થઈ જશે. એને શી ખબર કે જમીનમાં એના બાપદાદાઓનું આટલું બધું ધન દટાયેલું પડયું છે !’

માહાતા તે જ વખતે લૉરેટો પાસે ગયા. લૉરેટો જાતે ત્યાં આવ્યો. ચરુઓમાંનું ધન પોતાને ઘેર પહોંચતાં લૉરેટોએ અત્યંત નમ્રભાવે, આદરપૂર્વક માહાતાને બસો સોનામહોરો અને પાંચસો રૂપિયા આપવા માંડયા. માહાતાએ કહ્યું : ‘હું આપનું ધન લઈશ નહિ. મેં આપના પર કોઈ ઉપકાર કર્યો નથી. મેં તો એક મારી મામૂલી ફરજ બજાવી છે.’

લૉરેટો પર માહાતાની પ્રામાણિકતા અને સદ્‌વ્યવહારની ભારે છાપ પડી. આગળ જતાં તેણે પોતાની એકની એક દીકરીનું લગ્ન માહાતા સાથે કર્યું. એક શ્રીમંતની એક માત્ર કન્યા સાથે લગ્ન કરીને પણ માહાતાએ સસરાનું ધન લીધું નહીં. મહેનત–મજૂરી કરીને જ તેઓ જીવનનિર્વાહ કરતા. જાતમહેનત અને ઉદારતાને લીધે સિલોનમાં તેઓ ખૂબ જાણીતા થઈ ગયા છે.

■